**"જંબલ-ફંબલ" મદદ-માર્ગદર્શિકા :**

જંબલ-ફંબલ રમત એ એક રસપ્રદ કહેવત-રમત છે.

ગુજરાતીલેક્સિકોન દ્વારા પ્રકાશિત આ રમત તમે બે ભાષા માટે રમી શકો છો : ગુજરાતી અને અંગ્રેજી

આ રમત કેવી રીતે રમવી તેની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

- સૌ પ્રથમ ભાષા વિકલ્પ પસંદ કરો.




- ત્યારબાદ કહેવતના શબ્દોનો ક્રમ ઊલટસુલટ કરીને વિવિધ ખાનાંમાં ત્યાં આપવામાં આવશે. તર્કબુદ્ધિના સહારે તે શબ્દોને માઉસની મદદથી તેના યોગ્ય ક્રમમાં ગોઠવવાના રહેશે.



- 2 મિનિટની સમયમર્યાદામાં આ કહેવત પૂર્ણ કરવાની રહેશે.

- 'Submit Proverb' પર ક્લિક કરીને ગોઠવેલી કહેવત સાચી છે કે નહીં તે અને કેટલી સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવી છે તે તમે ચકાસી શકો છો.




- જો આપેલી સમયમર્યાદામાં કહેવત પૂર્ણ ન થાય તો સમયમર્યાદા પૂર્ણ થયા બાદ તે શબ્દોનો સાચો ક્રમ ત્યાં જોઈ શકાશે અને 'View Meaning' પર ક્લિક કરીને તેનો અર્થ પણ જાણી શકાશે



- કહેવતમાં આવતા શબ્દો તેમાં નીચે આપવામાં આવ્યા છે જેના પર ક્લિક કરતાં તમે તે શબ્દોના અર્થ પણ જાણી શકો છો.




- આમ, જ્ઞાન સાથેની 'જંબલ-ફંબલ' રમત રમો અને તમારું શબ્દભંડોળ વધારો.